એસ.ટી. બસોમાં પણ છુટા પૈસાની પળોજણ : કન્ડકટરો માટે શિરદર્દ

પ્રવાસીઓની દુવિધા નિવારવા તમામ બુકીંગ વિન્ડો ૨૪ કલાક ચાલુ રહેશે : ઓનલાઇન રીઝર્વેશન ઇ બુકીંગ તેમજ મોબાઇલ એપનો ઉપયોગ કરવા એસ ટી નિગમની ભલામણ

ગાંધીનગર તા ૯

પ્રધાનમંત્રીએ રૂ ૫૦૦ અને ૧૦૦૦ની નોટ તાત્કાલિક ધોરણે રદ કરતા બજારના અર્થતંત્રમાં હડકંપ મચી ગયો છે. રોજીંદા કામો માટે છુટા પેસાની પણોજણ આમ નાગરિકો માટે શિરદર્દ સમાન બની હતી. ખિસ્સામાં રહેલી નોટો માત્ર કાગળનો ટુકડો બની રહેતા જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓની ખરીદીમાં ભારોભાર અવરોધો ઉભા થયા હતા. આ નોટ નહીં ચાલે ની રકઝક કકળાટનુ કારણ બની હતી. આજે એસ ટી ના વાહનવ્યવહારમાં પણ મુસાફરો ૫૦૦ની નોટ ધરતા કન્ડકટરોએ માથુ ખંજવાળવાનો વારો આવ્યો હતો. એસ ટી તંત્રએ મોટી રકમની નોટ સ્વીકારી હતી. પરંતુ છુટા ખુટી પડતા અવ્યવસ્થા ઉભી થઈ હાવાનો સુર ઉઠવા પામ્યો હતો.

આજે બેંકો પણ બંધ રહેતા અપડાઉનકર્તાઓ પાસે છુટા પૈસા ન હોવાથી ઘણાંખરા મુસાફરોએ રૂ ૫૦૦ ની નોટ વટાવી છુટા લેવાનો આગ્રહ રાખ્યો હતો. જેના લીધે એસ ટી તંત્રની આવક પર આંશિક અસર થઈ હતી. ડેપો મેનેજરના જણાંવ્યા મુજબ બધા મુસાફરો છુટાની માંગણી કરતા છુટા પૈસાની તંગી ઉભી થઈ છે. ડેપો પાસે પણ છુટા પૈસાની ઘટ પ્રવર્તી છે. આ મામલે એસ ટી નિગમના સચિવના જણાંવ્યા મુજબ એસ ટી તંત્ર દ્વારા મુસાફરોને અસુવિધા ન થાય તે માટે ૧૧ નવેમ્બર ની મોડીરાત સુધી ચલણી નોટો સ્વીકારવામાં આવશે. પરંતુ ચલણી નોટોના અભાવે મુસાફરી દરમિયાન પ્રવાસીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી વેઠવી ન પડે તે માટે પ્રવાસીઓએ નિગમની વેબસાઈટ પરથી ઓનલાઈન બુકીંગ અગર મોબાઈલ એપ તેમજ વિન્ડો બુકીંગના આધારે ટીકીટ મેળવી લેવી વધુ સરળ રહેશે. જયારે આ માટે એસ ટી ડેપો દ્વારા તમામ બુકીંગ વિન્ડો ૨૪ કલાક ચાલુ રાખવા નિર્ણય લેવાયો છે.

ચિલોડા ખાતે આજે ગાંધીનગર (દ) વિધાનસભા મત વિસ્તારનું સ્નેહ સંમેલન ભાજપ દ્વારા યોજાયુ હતુ તેની તસવીર.

ગાંધીનગર હોસ્પિટલને ફાયર સેફટીની નોટીસ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તંત્રનું વહીવટી તંત્ર ખાડે ગયું હોય તેમ લાગી રહ્યું છે. સરકાર દ્વારા કરોડો રૂપીયાનો ખર્ચ કરીને દર્દીને કોઈપણ જાતની તકલીફનો સામનો ના કરવો પડે તે રીતે તૈયાર કરવામાં આવી છે. ૯૦૦ બેડની હોસ્પિટલમાં દર્દીઓ રામભરોસે હોય તેવું લાગી રહ્યું છે. આગ જેવી દુર્ઘટના સમયે હોસ્પિટલના ફાયર સેફટીના સાધનો વામણા પુરવાર થાય તેવી દશામાં છે. ઉલ્લેખનીય છે કે આઠમાળની ઈમારતમાં મેડીકલ કોલેજ દ્વારા ફાયર સેફટીની એનઓસી લેવામાં આવી નથી. ત્યારે ગાંધીનગર ફાયર બ્રિગ્રેડના તંત્રએ ફાયર સેફટીને અનુલક્ષી નોટીસ આપવામાં આવી છે. જેમાં ફાયરના સાધનોની મરામત તેમજ એનઓસી સહિતની ક્ષતિઓ સામે આવી છે. આગ જેવી દુર્ઘટના સમયે ફાયરના સાધનો જ ઉપયોગમાં આવે નહી તેવી દિશામાં અને દશામાં છે. પરંતુ હોસ્પિટલ તંત્રના અધિકારીઓ સબ સલામતના દાવા કરી રહ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોઈપણ નાની આગની દુર્ઘટના સમયે ફાયર બ્રિગ્રેડના માણસો દુર્ઘટનાને અટકાવે છે. તેઓએ તંત્રને અનેકવાર સાધનો મરામત રાખવા, ફાયર સ્ટાફના કર્મચારી રાખવા, સિસ્ટમ મેઈન્ટેન કરવી, સમયાંતરે ફાયર સિસ્ટમ ચેક કરવી સહિતની ફાયરને લગતા સુચનો લેખિત તેમજ મૌખિકમાં આપ્યા છતા હોસ્પિટલ તંત્રના પેટનું પાણી હલતું નથી. હોસ્પિટલ સંકુલમાં આવેલ દર્દીઓને રાખવામાં આવે છે તે આઠમાળની ઈમારતની ફાયર એનઓસી જ નહી હોવાથી ફાયર તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી છે. ત્યારે નોટીસને પગલે હોસ્પિટલ તંત્ર ફાયર એનઓસી મેળવે છે કે કેમ તે આગામી સમયમાં જોવું રહ્યું ...? અત્યારે હાલના સમયે તો હોસ્પિટલ સંકુલમાં દર્દીઓ રામ ભરોસે હોય તેવું ચિત્ર સ્પષ્ટ થવા પામ્યુ છે. બાકી અધિકારીઓ તો મોટા મહેમાનોની સરભરા કરીને કામ કર્યાનો સંતોષ માની લેતા હોય છે.

‘ઓનલાઈન’ ખરીદી પરથી “કેશ ઓન ડિલીવરી” ગાયબ

ગ્રાહક ૫૦૦-૧૦૦૦ની જ નોટ છે, લેવી હોય તો લો કહીને ઉભો રહે તો ડિલીવરીનો ખર્ચ પણ માથે પડે તે બીકે ઈ-કોમર્સની સાવચેતી

ગાંધીનગર, તા. ૯

ભારતના અર્થતંત્રમાંથી રૂ. ૫૦૦-૧૦૦૦ની ચલણી નોટો રદ થવાના પગલે એકાએક ઈ-કોમર્સ બીઝનેસમાં તેજીના એંધાણ વર્તાઈ રહ્યાં છે. આમ પણ આ દિવાળીની સીઝનમાં “ઓનલાઈન” ખરીદીના વધેલા ચલણે બજારમાં નાના-મધ્યમ વેપારીઓ માટે મુશ્કેલી ઉભી કરી જ હતી તેમાં ચલણી નોટોના પ્રતિબંધે “પડતા પર પાટુ” મારવાનું કામ કર્યુ છે. જો કે ઓનલાઈન ઈ-કોમર્સ વેબસાઈટો અત્યાર સુધી “કેશ ઓન ડિલીવરી”ની સગવડ આપતી હતી જે ૫૦૦-૧૦૦૦ની ચલણી નોટો પરના પ્રતિબંધને કારણે મુશ્કેલીમાં મુકાઈ છે.

મોટાભાગની ઈ-કોમર્સ વેબસાઈટ તથા મોબાઈલ એપ પરથી “કેશ ઓન ડિલીવરી” ઓપ્શન હટાવી દેવાયો છે. ઓનલાઈન વિતરકોને જયારે ડિલીવરી સમયે ગ્રાહક “૫૦૦-૧૦૦૦ની જ નોટ છે લેવી હોય તો લો નહી તો માલ પાછો લઈ જાવ” એમ કહીને ઉભો રહે તો ડિલીવરીનો ખર્ચો માથે પડે તે બીકે તાત્કાલિક અસરથી આ નિર્ણય લેવો પડ્યો છે.

જમીન રિ-સર્વેની કામગીરીમાં ક્ષતિઓ થતા ખેડૂતો ચિંતિત

ચિલોડા, તા. ૯

જમીન રિ-સર્વેની કામગીરી ગામેગામ જમીન માપણી તેમજ મોજણી બાદ જમીન ખાતેદારોને રી-સર્વેની નકલો મળતા અસંખ્ય જમીન માપણીમાં ક્ષેત્રફળ અને નકશાની આકૃતિમાં મોટાપાયે વધઘટ તથા ફેરફારો જણાતા ખાતેદારો ગ્રામ પંચાયતમાં જમીનની પુનઃ મોજણી અંગે વાધા અરજી સાથે રજુઆતો અને ફરીયાદો ઉઠવા પામી છે. ત્યારે ચિલોડા ગામમાં જમીનની પુનઃ મોજણી સર્વેમાં ઉભામાં ફેરફાર, સતા પ્રકારનો ફેરફાર, કબજા ફેરફાર, ક્ષેત્રફળમાં ફેરફાર, નકશા આકૃતિમાં ફેરફાર તથા અન્ય ફેરફાર જણાતા સાચી ક્ષેત્રફળની ૭-૧૨ની નકલો અને વાંધા અરજી સાથે પુનઃ મોજણી સામે વાંધા ઉઠાવવા મોટી સંખ્યામાં ગ્રામ પંચાયતમાં ખાતેદારોનો ધસારો જોવા મળી રહ્યો છે. જમીનની પુનઃ મોજણી ક્ષેત્રફળ ઓછુ થતા તેમજ નકશાની સ્થિતિ કરતા ઘણી બધી વિસંગતતા ઉભી થતા સ્થળ સ્થિતિ પ્રમાણે ક્ષેત્રફળ અને નકશો ન હોવાથી ખાતેદારો મોટી સંખ્યામાં વાંધા અરજી સાથે પુનઃ સુધારણા કરવા મજબુર બન્યા છે.

ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમના અધ્યક્ષની નવી ઓફિસનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૯

ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમના અધ્યક્ષશ્રી સુફી સંત એમ.કે. ચિશ્તીની અદ્યતન સુવિધા સાથે નવી ઓફીસનું લોકાર્પણ શ્રી આત્મારામ પરમાર મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતાના તથા શ્રી બાબુભાઈ બોખીરીયા, મંત્રીશ્રી પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગૌસંવર્ધનના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ અને મહાનુભાવશ્રીઓ ગુજરાતભરમાંથી આવ્યા હતા. નિગમના ઉપાધ્યક્ષશ્રી ગનીભાઈ કુરેશી, નિયામકશ્રી પરમજીત કૌર અને સારજીબેન હાજર રહ્યા હતા. ઉપરાંત અન્ય ડીરેકટરશ્રી સબ્બીરભાઈ હામદાની, અહમદભાઈ જત, યુનુસ તલાટ, નજહતબેન સેતા વગેરેએ મુબારકબાદ પાઠવી હતી. ડીસા નગરપાલિકાના કોર્પોરેટરશ્રી સોહેલ રાજ સૈયદે પણ તેઓને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે નિગમના અધ્યક્ષશ્રી સુફીસંત એમ.કે. ચિશ્તીએ રાજય સરકારશ્રી તથા આવેલ તમામ મહાનુભાવોનું સ્વાગત કરીને આવકાર આપી આભાર વ્યકત કરેલ અને રાજય સરકારશ્રીએ નિગમના બાકીદારોનું વ્યાજ અને દંડનીય વ્યાજમાં રૂ. ૩૨.૦૦ કરોડની માફી આપી છે તેની સરાહના કરી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા રાજય સરકારશ્રીનો આભાર વ્યકત કર્યો હતો.

નિર્ણય જરૂરી હતો

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

પેમેન્ટ ચુકવાવવાનું હતુ પરંતુ હવે તેઓ આ નોટો સ્વીકારવાની ના પાડે છે તેથી તકલીફ પડી રહી છે. આજે ઘરાકી પણ ખૂબ ઓછી રહેતા ધંધા પર અસર પડી છે. જો કે મોદી સરકારનો આ નિર્ણય દેશમાં કાળુ નાણું અને ભ્રષ્ટાચાર રોકવામાં ઉપયોગી નીવડશે. આ નિર્ણયની જરૂર હતી જ.”

- કપિલાબેન રાવલ, મહેશ્વરી બેકરી, સે. ૨૨

ટેલિફોન-વીજળી બિલો જુની નોટોથી સ્વીકારવા જોઈએ

વડાપ્રધાને એકાએક ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો બંધ કરતા અફરાતફરી મચી ગઈ છે પરંતુ પેટ્રોલપંપ, રેલવે સ્ટેશન, એરપોર્ટ અને હોસ્પિટલ્સમાં આ બંને નોટ પુરતી ચાલશે તેવી જાહેરાત કરાઈ છે. વળી, બેંકોમાં પણ જુની નોટો સ્વીકારાશે. આ સાથે બીએસએનએલ જેવી સરકારી કંપની તેમજ વીજ કંપની, ગેસ કંપની જેવી અગત્યની એજન્સીઓ પણ જુની નોટ સ્વીકારવાની છુટ આપી હોત તો સામાન્ય વર્ગને તકલીફ ઓછી થાત. હાલ ટેલિફોન, લાઈટ બિલ વગેરે ભરવાની છેલ્લી તારીખો હોવાથી ગ્રાહકો ખિસ્સામાં પૈસા હોવા છતાં ભરી શકતા નથી. ટેલિફોન અને વીજળી કંપનીઓ તો છેવટે બેંકની જેમ સરકારી એજન્સીઓ જ છે ને.

“આમ તો અમારી ચાની કિટલીએ મોટી નોટની જરૂર ના પડે પરંતુ ગ્રુપમાં ચા પીવા આવતા ગ્રાહકો આજે ૫૦૦-૧૦૦૦ની નોટ પેમેન્ટ માટે પહેલા આગળ ધરતા હતા. અમોએ તે સ્વીકારવાની ના પાડી તો ઘણાએ ચા પીવાનું જ માંડી વાળ્યું હતું. આ કારણે આજના ધંધા પર અસર પડી છે. અહીં ચા પીવા આવતા મોટી ભાગના ગ્રાહકો જો કે મોદી સરકારના આ નિર્ણયની પ્રસંશા કરતા જોવા મળ્યા હતા.”

- પ્રભુ ઠાકોર, ચાની કિટલી, સે. ૧૧

“એકાએક ૫૦૦-૧૦૦૦ની નોટ બંધ થઈ જવાની સાથે જ છુટ્ટા નાણાં પણ બજારમાંથી જાણે અદ્રશ્ય થઈ ગયા છે. દરેક વ્યક્તિ જ્યાં સુધી યોગ્ય વ્યવસ્થા ના ગોઠવાય ત્યાં સુધી ઈમર્જન્સી જરૂરિયાત અને રોજબરોજના જીવન જરૂરી ખર્ચા માટે છુટ્ટા નાણાં હાથવગા રાખવા માંગતા હોવાથી નાસ્તાના ખર્ચામાં કાપ મુકાયો છે તેથી આજે ધંધામાં ઘરાકી નહીવત રહી હતી. જો કે હું સરકારના નિર્ણયને આવકારૂ છુ.”

- અમિત ગોંડ, દાળવડાની લારી, સે. ૧૭-૨૨



“સવારથી જ રીક્ષા ભાડા માટે મુસાફરો રૂ. ૫૦૦ની નોટ કાઢવા લાગ્યા હતા પરંતુ અમે સ્વીકારવાની ના પાડીએ એટલે પછી ખિસ્સામાંથી છુટા પૈસા કાઢતા હતા. દરરોજ કરતા આજે અમારે ધંધો ખૂબ ઓછો થવા પામ્યો છે. જો કે નરેન્દ્ર મોદીનો આ નિર્ણય ભ્રષ્ટાચાર અને કાળા બજારને રોકવામાં અસરકારક સાબિત થશે તેવુ લાગે છે.”

- ગોવિંદભાઈ ચાવડા, રીક્ષા ડ્રાઈવર

જ્વલંત વિજય

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટક્કર આપી છે. જુદા જુદા મામલાઓને લઈને વિવાદમાં રહેલા રીપબ્લિકન ઉમેદવાર ટ્રમ્પની જીત ખૂબ જ ચોંકાવનારી છે. મોટાભાગના સર્વે તેમની વિરૂદ્ધમાં આવી રહ્યા હતા. ટ્રમ્પની તરફેણમાં પડેલા મત લોકોમાં સત્તા વિરોધી લહેરનો સંકેત આપે છે. જે બદલાવના મૂડમાં હતા. એવા રાજ્યો અને કાઉન્ટીઓમાં પણ ટ્રમ્પની તરફેણમાં મતદાન થયું છે જ્યાં ચાર વર્ષ અગાઉ વર્તમાન પ્રમુખ બરાક ઓબામા ચૂંટાઈ આવ્યા હતા. ટ્રમ્પ છેલ્લા એક સપ્તાહ સુધી સર્વેમાં હારી રહ્યા હતા. અમેરિકાના શ્વેત લોકો, કામકાજી વર્ગ અને ગ્રામીણના લોકો સમર્થન આપી રહ્યા હતા. જેના લીધે ફ્લોરીડા અને અન્ય જગ્યાઓએ ઉપર ટ્રમ્પને જીત મળી છે. શરૂઆતમાં પાછળ રહી ગયા બાદ ટ્રમ્પે હિલેરી ઉપર સતત જીત મેળવી હતી. અમેરિકાની ચૂંટણીમાં ટ્રમ્પે ૨૭૬ ઈલેકટોરલ મત મેળવી લીધા છે. જ્યારે હિલેરીને ૨૧૮ ઈલેકટોરલ મત મળ્યા છે. ચાવીરૂપ અનેક જગ્યાએ ટ્રમ્પે જીત મેળવી લીધી હતી. ટ્રમ્પે જે વિસ્તારમાં જીત મેળવી હતી તેમાં ફ્લોરિડા, નોર્થ કેરોલિના, ઓહિયો, વર્જિનિયા, જારજા, મિસીગન, ન્યુહેમશાયર, મોન્ટાના, લીબ્રાસ્કા, મીઝોરી, વાયોનીંગ, નોર્થડકોડા, ઈન્ડિયાના, કેન્ટકી, વેસ્ટ વર્જીનીયા, સાઉથ કેલિફોર્નીયા, કોખલાહોમા, લુઈજીયાના, મીસીસીપીનો સમાવેશ થાય છે. અમેરિકામાં પ્રમુખપદની ચૂટણીને લઈને મતગણતરી શરૂ થયા બાદ પરિણામ આવવા લાગી ગયા હતા. ક્લિન્ટન અને ટ્રમ્પ વચ્ચે જોરદાર સ્પર્ધા શરૂમાં દેખાઈ હતી. હિલેરીએ વર્માન્ટ, મેસચુસિટ્સ, ન્યુજર્સી, ડેલવેયર વોશિંગ્ટન અને મેરીલેન્ડમાં જીત મેળવી હતી. અમેરિકામાં મતદાનને લઈને તમામ તૈયારી પહેલાથી જ કરી લેવામાં આવી હતી. અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણી જીતવા માટે કોઈને પણ ૨૭૦ ઈલેક્ટોરલ મતની જરૂર પડે છે. હિલેરી અને ટ્રમ્પ પોતે મતગણતરી પર નજર રાખી રહ્યા હતા.

માઠી અસર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પડ્યો હતો. અહીં ૫૦૦ની નોટના બદલે ૪૦૦ રૂપિયા આપવામાં આવી રહ્યા હતા. રેલવે યાત્રીઓને ભારે મુશ્કેલીના સામનો કરવો પડ્યો હતો. કેટલાક ટિકિટ કાઉન્ટરો ઉપર પણ મોટી નોટ લેવાને લઈને ઈનકાર કરવામાં આવી રહ્યો હતો. યાત્રીઓ પ્રવાસ વગર પણ રહી ગયા હતા જ્યારે અનેક યાત્રીઓ ટિકિટ વગર ટ્રેનમાં ઘુસી ગયા હતા. નોટ બંધ થવાના પરિણામ સ્વરૂપે જૂની દિલ્હીમાં બજારોમાં ભારે અફડાતફડી રહી હતી. કારોબારીઓને શંકા છે કે વડાપ્રધાનના આ નિર્ણયથી એક સપ્તાહ સુધી કારોબાર પર અસર રહેશે. એટીએમ પર અને પેટ્રોલ પંપ પર લોકોની લાંબી લાઈન જોવા મળી હતી. દેશભરમાં સવારે સામાન્ય લોકો પણ પરેશાન થયા હતા. કારણ કે ૫૦૦ અને ૧૦૦૦ની નોટ લેવા માટે લોકો તૈયાર દેખાઈ રહ્યા ન હતા. જો કે દેશભરમાં સામાન્ય લોકો દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિર્ણયનુ સ્વાગત કરવામાં આવ્યુ હતુ. લોકો ૧૦૦ રૂપિયાની નોટ મેળવી લેવા માટે એટીએમ પર દોડી ગયા હતા. કેટલાક લોકોને ૪૦૦ રૂપિયા મળી ગયા હતા. પરંતુ મોટા ભાગની મશીન ઉપર ૫૦૦ની નોટ જ નિકળી હતી. મોટા ભાગની મશીનોમાં ૧૦૦ રૂપિયાની નોટ ખતમ થઈ ગઈ હતી.

મુક્તિ મળશે નહિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવશે. જેટલીએ કહ્યું હતું કે બ્લેકમની, ભ્રષ્ટાચાર અને બનાવટી નાણાંના કારોબારને રોકવા દેશની હજુ સુધીની સૌથી મોટી પહેલરૂપે ૫૦૦ અને ૧૦૦૦ની નોટને પાછી ખેંચી લેવાની જાહેરાત કર્યાના એક દિવસ બાદ જેટલીએ કહ્યું હતું કે જૂની ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બેંક ખાતાઓમાં જમા કરાવવાની સ્થિતિમાં જરૂરી માહિતી મેળવવામાં આવશે. આ મોટી નોટ જમા કરવાની સ્થિતિમાં નવી અને નાની નોટ મળી શકશે પરંતુ એક બાબત સ્પષ્ટ કરી દેવામાં આવી છે કે કોઈપણ માફીની સ્કીમ રાખવામાં આવી નથી. આ જમામ રકમ પર કરવેરામાંથી કોઈ રાત મળશે નહીં. કાયદાની રીતે ફંડના સોર્સ અંગે માહિતી મેળવવામાં આવશે. જો નાણાં કાયદેસરના હશે તો કોઈ પગલાં લેવામાં આવશે નહીં. આને લઈને ચિંતાની જરૂર નથી પરંતુ જો ગેરકાયદે નાણા છે તો સોર્સની માહિતી આપવી પડશે. જો તે કાઈમના નાણા છે તો ચોક્કસપણે મુશ્કેલી થશે. નાણામંત્રીનું કહેવું છે કે ગૃહિણીઓ, પ્રમાણિત બચત ધરાવનાર ખેડૂતોને તેમના બેંક ખાતાઓમાં રોકડ રકમ જમા કરવાને લઈને ચિંતાની કોઈ જરૂર નથી. ૨૫,૦૦૦, ૩૦,૦૦૦, ૫૦,૦૦૦ જેવી ખર્ચ માટે ઘરમાં પડેલી રકમ લોકો જમા કરી શકે છે. સામાન્ય પરિવાર ખર્ચને પહોંચી વળવા માટે આટલી રકમ લોકો ઘરમાં રાખે છે તેમને ચિંતાની કોઈ જરૂર નથી. તેઓ બેંકમાં જઈ શકે છે.

નવી નોટો

● અનુસંધાન પહેલાનું ચાલુ

નોટની તુલનામાં વધારે અલગ રીતે રહેશે. તેમાં સુરક્ષા વધારે છે. આ નોટની કોપી કરવાની બાબત શક્ય રહેશે નહી. ૧૧મી નવેમ્બરથી બજારમાં આવનાર નોટને લઈને પણ ભારે ઉત્સુકતાછે. અહેવાલ મુજબ છેલ્લા કેટલાક મહિનાથી ગુપ્તરીતે સમગ્ર ઓપરેશન ચાલી રહ્યુ હતુ. કોઈને આ અંગે માહિતી ન હતી. માત્ર રિઝર્વ બેંક અને મોદીને આ અંગે જાણ હતી. મોટી સંખ્યામાં નવી નોટ છાપી પણ દેવામાં આવી છે. હવે બેંકોમાં નવી નોટ ઠાલવી દેવામાં આવી રહી છે.

નવી નોટને લઈને નિષ્ણાંતોમાં ભારે ચર્ચા છે. શરૂઆતના દિવસોમાં એક દિવસમાં એટીએમમાંથી બે હજાર રૂપિયા અને સપ્તાહમાં ૧૦ હજાર રૂપિયા ઉપાડી શકાશે. ત્યારબાદ બેંક શાખાઓથી ૧૦ હજાર રૂપિયા દરરોજ ઉપાડી શકાશે.

વિકલ્પ છે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

- સરકારી કંપનીઓના પેટ્રોલ અને ડિઝલ સીએનજી સ્ટેશન, દુધના બુથ, સરકારી કો.ઓપરેટીવ સ્ટોર પર ૭૨ કલાક સુધી જૂની નોટ ચાલશે.
- ઈલેકટ્રોનીક ફંડ પેમેન્ટ, ક્રેડિટ અને ડેબીટ કાર્ડથી લેવલ દેવડ પર કોઈ પ્રતિબંધ મુકાયા નથી.
- ઘરમાં જે પણ જગ્યાએ ૫૦૦ની નોટ પડી છે ત્યાંથી ભેગી કરીને બેંકમાં જમા કરી દેવામાં આવે તે યોગ્ય છે.
- ૧૦મી નવેમ્બરથી ૨૪મી નવેમ્બર સુધી ૪૦૦૦ રૂપિયા સુધીની જૂની નોટ બેંક અને પોસ્ટ ઓફિસમાં બદલી શકાશે. ૨૫મી નવેમ્બર બાદ મર્યાદાને વધારવામાં આવશે. આઈડી કાર્ડ લઈ જવાની બાબત જરૂરી છે.
- શરૂઆતમાં દરરોજ માત્ર ૧૦ હજાર રૂપિયા અને દરેક સપ્તાહમાં ૨૦ હજાર રૂપિયા ઉપાડી શકાશે. જેથી ખરીદી માટે ક્રેડિટ અને ડેબિટ કાર્ડનો ઉપયોગ કરી શકાય છે.
- ૩૦મી ડિસેમ્બર સુધી જૂની નોટ જમા કરવાની સ્થિતિ ન રહે તો પણ ચિંતાની વાત નથી. આરબીઆઈની મંજુર ઓફિસમાં જઈને આઈડી કાર્ડ દર્શાવીને ઘોષણાપત્ર ભરીને ૩૧મી માર્ચ ૨૦૧૭ સુધી જૂની નોટ જમા કરાવી શકાશે.
- જે નોટ પણ જમા કરવામાં આવે અથવા તો તેને બદલી દેવામાં આવે તો તેના સિરિયલ નંબરની યાદી તૈયાર રાખવામાં આવે તે જરૂરી છે. આરબીઆઈનું કહેવું છે કે બેંક અથવા પોસ્ટ ઓફિસમાં જમા એક્સચેન્જ કરવામાં આવનાર નોટ પર નજર રાખવામાં આવશે. ઈન્કમટેક્સ વિભાગની નજર રહેશે. કોણ કેટલી રકમ જમા કરે છે તેના પર નજર રહેશે. ટેક્સ વિભાગ પાસે ખુલાસો કરી શકાય તેટલી જ રકમ જમા કરવામાં આવે તેવી સૂચના અપાઈ છે.

સોનુ વેચાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભીડભાડ સાથે ભારોભાર અવ્યવસ્થા જોવા મળી હતી. પેટ્રોલ પંપ પર વાહનોની કતાર જોવા મળી હતી. આ સઘળી ગતિવિધિઓ વચ્ચે ગોલ્ડ બજારમાં પણ ભારે ગરમાવો જોવા મળ્યો હતો. શહેરના ડોકટરો ,બિલ્ડરો અને અધિકારીઓ કેશને ગોલ્ડમાં કનવર્ટ કરવાની મથામણમાં દોડતા થઈ ગયા હતા. ગોલ્ડ બજારનુ ઓપરેશન કરવા ડોકટરો પણ મેદાનમાં આવી ગયા હતા. સોના બજાર મોડી રાત સુધી ધમધમતુ રહયુ હતુ. પોતાના તાબાની મોટી રોકડને સેટલ કરવા માટે દોડધામ મચાવી હતી. શહેરના ઈતિહાસમાં પ્રથમવાર માત્ર ૪ કલાકમાં રૂ ૧૨ કરોડના સોનાનુ વેચાણ થયુ હતુ. આજે પણ સોના બજારમાં બ્લેક ભાવની બોલબાલા રહી હતી. સોનાની મુળ કીંમતની સામે રૂ ૨૦હજારના વધારા સાથે સોનાનુ બ્લેક માર્કેટીંગ થયુ હતુ. કાળા નાંણા અને ભ્રષ્ટાચારને રોકવા માટે પ્રધાનમંત્રી દ્વારા અચાનક નિર્ણયની જાહેરાત થતા કાળાનાણાના કોથળા પકડીને બેઠેલામાં હડકંપ મચી ગયો હતો. બેંકના એ ટી એમ પર ૫૦૦ અને ૧૦૦૦ની નોટો જમા કરાવવા માટે કતાર લાગી હતી. જયારે મોટી રોકડનો સંગ્રહ કરીને બેઠેલા નગરના મોટામાથાઓ પણ જવેલરી બજારમાં રોકડાની થેલી ભરીને પહોંચી ગયા હતા. અમદાવાદની જેમ ગાંધીનગરમાં પણ મોડીરાત સુધી જવેલરી શો રૂમ પર લેવાલી માટે ભીડ જામી હતી. સોનીઓએ પણ લગડી આપવાનુ ટાળી મહદઅંશે દાગીના જ વેચાણથી આપ્યા હોવાનુ પણ ચર્ચા સ્થાને છે. આજે બપોરના સમયે સોનાના ભાવમાં ઉછાળો આવ્યો હોવાની અફવા પણ વહેતી થઈ હતી.

બસો દોડશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત શહેરમાં આંતરિક ટ્રાન્સપોર્ટ વ્યવપસ્થાપન સસ્તુ અને સુલભ રીતે ઉપલબ્ધ બને તે જોવા પણ આગ્રહ કરી શરતોનું કડક પાલન થાય તે જોવા કમિશનરને જણાવવામાં આવ્યું છે.

મળતી વિગતો મુજબ આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં પશુધન માટે ઘાસચારો પુરો પાડવાની એજન્સી પણ નિયત કરી દેવામાં આવી છે. જે ૭૪ રૂ. ૨૦ કિલો લીલુ ઘાસ અને ૨૨૨ રૂ. ૨૦ કિલો સુકુ ઘાસ પુરૂ પાડશે. મનપાના ઢોરવાડામાં હાલ ૪૦૦થી વધુ પશુઓ છે. આ ઉપરાંત ડમ્પીંગ સાઈટ પર વીજળીકરણ કરવાનો પણ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રૂ. ૭ લાખ જેટલો ખર્ચ આ વીજળીકરણ પાછળ થશે. આ બેઠકમાં વ્હીકલ પુલમાં મરામત અને જાળવણી માટે પણ એજન્સી નિયત કરવામાં આવેલ છે. શહેરમાં આવેલ જાહેર શૌચાલયો તેમજ મોબાઈલ ટોયલેટની જાળવણી અને નિભાવણી માટે પણ એજન્સી નિયત કરવામાં આવી છે. આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં છ થી વધુ કામોને બહાલી આપવામાં આવી હતી.

ગરીબ દર્દીઓને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવશે. બીજા તબક્કામાં ૨૦૦૦ જેટલી દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત હોસ્પિટોલમાં નાગરિકોને ઉત્તમ સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે ફર્નિચર તથા અન્ય ઉપકરણો પુરા પાડવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે બીજા તબક્કામાં આવા દવાઓના સ્ટોર્સની સંખ્યા વધારી વધુમાં વધુ જરૂરીયાતમંદોને લાભ મળે તેવું આયોજન છે. આ ઉપરાંત લોજિસ્ટીક સીસ્ટમ પ્રિસ્ક્રીપ્શનને ઈન્ફરમેશન ટેકનોલોજી સાથે સુસંકલિત કરી આ યોજનાને સુસંગત કરવામાં આવશે તથા ભવિષ્યમાં ફ્રેન્ચાઈઝી મોડલ દ્વારા દીન દયાળ વાજબી ભાવની દવાની દુકાનનો વ્યાપ વધારી રાજ્યમાં ૫૦૦ થી ૬૦૦ સ્ટોર્સ શરૂ કરાશે.

પ્રથમ તબક્કે દીનદયાળ વાજબી ભાવની દુકાન રાજ્યની સરકારી હોસ્પિટલ કેમ્પસની જગ્યામાં શરૂ કરવામાં આવશે.

અંતમાં તેમણે જણાવ્યુ હતુ કે દેવદીવાળીના દિવસથી આ યોજનાનો શુભારંભ કરાશે. રાજ્યમાં ૫૨ સ્ટોર્સો પ્રથમ તબક્કામાં રાજ્યમંત્રીમંડળના સભ્યો દ્વારા ઉદ્ઘાટન કરીને આ યોજનાનો શુભારંભ કરવામાં આવશે.

અર્બન હેલ્થ સેન્ટર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પગલાંઓથી ટીમને વાકેફ કરી હતી. ડૉ. પ્રભાકરના નેતૃત્વમાં ગયેલી ત્રીજી ટીમે દહેગામ તાલુકાના અંતરિયાળ વિસ્તારની આરોગ્ય સેવાઓ અંગેની કામગીરી ચકાસી હતી. ડૉ. પ્રભાકરની ટીમે અહીં પણ મેલેરિયાની સારવાર બાબતે તબીબો અને લેબ ટકનીશ્યનો સાથે પૃચ્છા કરી હતી તો આશા કાર્યકરો પાસેથી પણ વિગતો જાણવાનો પ્રયાસ કર્યો હતો. અહીં ડૉ. પ્રભાકરના હસ્તે જ દવા યુકત મચ્છરદાનીનું વિતરણ તંત્રના અધિકારીઓએ કરાવ્યું હતું. આ પછી ડૉ. પ્રભાકરે તે પ્રોજેકટને લઈ પણ ખુબ ઝીણવટભરી વિગતો મેળવી પ્રસન્નતા વ્યકત કરી હોવાનું જાણવા મળેલ છે તેમણે આવી સુંદર કામગીરી માટે ટીમ ગાંધીનગરને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારને ખૂંદી રહેલ ટીમે જિલ્લાની ટીમ ગાંધીનગરની કામગીરી દરેક સ્તરે બિરદાવી છે. કવોલીટીને લઈ પણ તેમણે સારા એવા સંતોષની લાગણી વ્યકત કરી હતી.

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ ‘વિદ્યાયન’
સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
ટેન્ડર નોટીસ નં. ૨૦૧૬-૦૨ સીંગલ બીડ પદ્ધતિ

ટેન્ડર નોટીસ

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ માટેની વાહન હંકારનાર સેવા AC સાથેના બંધ બોડીના નાના વાહનો સમયાંતરે છૂટક તેમજ માસિક ધોરણે વાર્ષિક કામગીરી માટેથી ભાડે રાખવાના હોવાથી સદર કામગીરીમાં રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી કચેરીના ચાલુ કામકાજના દિવસો દરમીયાન રૂ. ૫૦૦/- રોકડા જમા કરાવ્યાથી ટેન્ડર ફોર્મ મેળવી લેવા તથા વધુ વિગતે કચેરી વેબસાઈટ gsbstb.org ઉપરથી મેળવી લેવા જણાવવામાં આવે છે.

૧	ટેન્ડર ફોર્મ વેચાણ શરૂ કરવાની	તા. ૧૧/૧૧/૨૦૧૬	સમય ૧૧.૦૦ કલાક
૨.	ટેન્ડર ફોર્મ બંધ કરવાની છેલ્લી	તા. ૦૧/૧૨/૨૦૧૬	સમય ૧૮.૦૦ કલાક
૩.	ટેન્ડર ફોર્મ કચેરી ખાતે રજૂ કરવા અંગેની આખરી	તા. ૦૨/૧૨/૨૦૧૬	સમય ૧૮.૦૦ કલાક
૪.	ટેન્ડર ફોર્મ ખોલવાની	તા. ૦૩/૧૨/૨૦૧૬	સમય ૧૨.૦૦ કલાક

માહિતી/૧૯૭૮/૧૬-૧૭ નિયામક